**ફોજદારી ઈન્કવાયરી નં. ૧૫૯/૨૦૨૬**

**આંક–૧ નીચે હુકમ**

**૧.** હાલની ફરીયાદ તથા કેસ પેપર્સ વંચાણે લીધા. આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ પોતે ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨(૨૮) અંતર્ગત ''સરકારી નોકર'' તરીકે ફરજ બજાવતા હોય દાખલ કરેલી છે. જેથી આ કામે હાલની ફરીયાદ/ઈન્કવાયરી સબબ આરોપીને નોટીસ કરતા ધારા ધોરણસરની નોટીસ બજવણી તેઓને થયેલ છે.જેથી આરોપી તેઓના વિ.વ.શ્રી. મારફત હાજર થયેલ છે.

**૨.** આજરોજ આ કામના આરોપી પક્ષની રજુઆત ધ્યાને લેતાં તેઓએ હાલની ફરીયાદ સંબંધે કોઈ વાંધા કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. વધુમાં આરોપીએ તેઓના વિ.વ.શ્રી મારફત હાજર રહી **આંક–૭** થી પુરસીસ આપી સદર ફરીયાદ બાબતે સંજ્ઞાન લેવામાં આવે તો તેઓને કોઈ વાંધો તકરાર નથી તેવું જાહેર કરેલ છે. તે સંજોગોમાં આ કામે રજુ ફરીયાદીની ફરીયાદ અને કેસ પેપર્સ ધ્યાને લેતાં આરોપી સામે ગુના સબબ પ્રથમ દર્શનીય ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પુરતા અને સબળ કારણો જણાઈ આવે છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

૧. હાલની ફરીયાદ ઈન્કવાયરી રજીસ્ટરેથી આથી કેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કેસ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી આરોપી સામે બી.એન. એસ. એસ. એકટની કલમ – ૨૨૭ અન્વયે ફરીયાદ સબબના ગુના અંગેનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદર કેસની હવે પછીની મુદત તારીખ ૧૧/૦૭/૨૦૨૬ ના રોજની રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે.

| | |
|---|---|
| તા. ૦૬/૦૬/૨૦૨૬<br>સુરત . | (હીતેન્દ્ર કરશનભાઈ મેરીયા)<br>એડી. ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ,<br>અને ન્યાયાધીશ (સી.ડી)<br>મજુર અદાલત નંબર – ૩,સુરત. |

| | |
|---|---|
| | U.I.D. CODE GJ01279 |